**BK-5859** Seat No.________

# B. Ed. (Part - I) (Sem. I) Examination

## May / June - 2014

## EDEC - 121 : Gujarati Content & Methodology

Time : 3 Hours] [Total Marks : 70

**સૂચના :** (૧) બધા જ પ્રશ્નો **ફરજિયાત** છે, વિકલ્પો આંતરિક છે.
(૨) **જમણી** બાજુ છાપેલા અંક ગુણ દર્શાવે છે.
(૩) બિનજરૂરી લાંબા જવાબ ક્ષતિ ગણાશે.

૧ નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **બે** પ્રશ્નોના ઉત્તર આપો. ૨૦
પ્રત્યેક ઉત્તર આશરે ૪૦૦ શબ્દોમાં આપો :
(૧) સંજ્ઞા એટલે શું ? તેના પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો.
(૨) સર્વનામ એટલે શું ? તેના પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો.
(૩) માગ્યા પ્રમાણે લખો :
(અ) (૧) નીચે આપેલા શબ્દોની સાચી જોડણી લખો :
પરીચીત, વિજળી, કારકીર્દી, વિદ્યાર્થીની
(૨) નીચે આપેલા શબ્દોની સંધિ છોડો :
સંતોષ, નવોઢા, પિત્રાદેશ, મોહાંધ
(બ) સમાસનો વિગ્રહ કરી સમાસનું નામ લખો :
વરમાળા, નખશિખ, મનોહર, ત્રિભુવન
(ક) નીચેના વાક્યોનું સૂચવ્યા મુજબ વાક્ય પરિવર્તન કરો :
(૧) હું પુસ્તક વાંચતો નથી. (વિધિ વાક્ય બનાવો)
(૨) આ સ્થળ ઘણું રમણીય છે. (નિષેધ વાક્ય બનાવો)
(૩) આ ઘઉં ખવાય એવા નથી. (પ્રશ્ન વાક્ય બનાવો)
(૪) તેનું વર્તન ઘણું જ વિચિત્ર છે. (ઉદ્ગાર વાક્ય બનાવો)

૨ નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ **બે** પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર ૧૦
આશરે ૨૦૦ શબ્દોમાં આપો :

(૧) ખંડકાવ્યનાં લક્ષણોને આધારે 'અતિજ્ઞાન' – કાવ્યની સમીક્ષા કરો.

(૨) 'પૃથિવીવલ્લભ' પાઠને આધારે **મુંજનું** પાત્રાલેખન કરો.

(૩) 'અદીઠો સંગાથ' – કાવ્યની સમીક્ષા કરો.

૩ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : ૫

(૧) નવલિકાનાં લક્ષણો જણાવો.

(૨) વિશેષણના પ્રકારો જણાવો.

(૩) સ્વર એટલે શું ? ગુજરાતી ભાષાના સ્વરો જણાવો.

(૪) સંધિના પ્રકારો જણાવો.

(૫) 'ચક્ષુઃશ્રવા' પાઠના લેખકનું નામ જણાવો.

૪ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ **બે** પ્રશ્નોના ઉત્તર આપો. ૨૦
પ્રત્યેક ઉત્તર **આશરે** ૪૦૦ શબ્દોમાં આપો :

(૧) શાળાના અભ્યાસક્રમમાં માતૃભાષાનું સ્થાન અને મહત્ત્વ સમજાવો.

(૨) વાંચન કૌશલ્યની સંકલ્પના જણાવી તમારી શાળામાં વાંચન કૌશલ્યના વિકાસ માટે કઈ કઈ પ્રવૃત્તિઓ હાથ ધરશો, તે જણાવો.

(૩) એકમ આયોજન એટલે શું ? તાસ આયોજન અને એકમ આયોજનનો તફાવત જણાવો.

૫ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ **બે** પ્રશ્નોના ઉત્તર આપો. ૧૦
પ્રત્યેક ઉત્તર આશરે ૨૦૦ શબ્દોમાં લખો :

(૧) માતૃભાષાનાં વિવિધ સ્વરૂપો સમજાવો.

(૨) માતૃભાષા શિક્ષકના ગુણો અને વ્યાવસાયિક સજ્જતા જણાવો.

(૩) વિદ્યાર્થીઓના હસ્તાક્ષર સુધારણા માટેના ઉપાયો સૂચવો.

૬ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : ૫

(૧) પદ્ય શિક્ષણના સામાન્ય હેતુઓ જણાવો.

(૨) માતૃભાષાનાં મૂળભૂત કૌશલ્યો જણાવો.

(૩) ભાષા શિક્ષણમાં શ્રુત લેખનનું મહત્ત્વ જણાવો.

(૪) વિદ્યાર્થીઓમાં શ્રવણશક્તિ વિકસે તે માટેની પ્રવૃત્તિઓ જણાવો.

(૫) ગુજરાતી ધોરણ-૮ના કોઈ પણ ગદ્ય એકમ પસંદ કરી તેની એક બહુવિકલ્પ કસોટી રચો.